અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળામાં તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવા બાબત.

## ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અસમ-૧૦૨૦૨૦-૭૨૮-ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૯/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૦૩/૨૧નો ઠરાવ ક્રમાંકઃ અસમ/૧૦૨૦૨૦/૭૨૮/ક

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૫/૦૮/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ/આશા/૨૦૨૨/૧૪૦૨

**આમુખ :**

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ઉપરના ઠરાવને અનુલક્ષીને, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં ભણતા અનુસૂચિત જાતિના બાળકોના હિતને ધ્યાને રાખી મંજૂર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી બાળકોનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે ખાલી જગ્યાઓ પર તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવાનું આથી ઠરાવવામાં આવેલ છે. તાસદીઠ માનદવેતન(Honorarium Per Period)થી શિક્ષણકાર્ય કરાવવા બાબત અનુસૂચિત જાતિના બાળકોના શૈક્ષણિક હિત માટે ચાલુ રાખવી આવશ્યક હોઇ આ જોગવાઇ ચાલુ રાખવા માટે વંચાણે લીધેલ ક્રમાંક(૨) ઉપરના પત્રથી નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની કચેરી દ્વારા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠ રા વ:-

પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં ભણતા અનુસૂચિત જાતિના બાળકોના હિતને ધ્યાને રાખી મંજૂર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી બાળકોનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે વધુ ૦૧(એક) વર્ષ માટે ખાલી જગ્યાઓ પર તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવાની જોગવાઇને ચાલુ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ અંગેના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૨/૦૩/૨૦૨૧ના સમાનાંકી ઠરાવની અન્ય જોગવાઇઓ અને શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૪/૦૨/૨૦૨૧ની નોંધથી અને માન.મંત્રીશ્રી(સા.ન્યા. અને અધિ.)ની તા.૨૨/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

JPVasava
( જયશ્રી વસાવા )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- **માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,** ગાંધીનગર.
- **માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ** સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સા.ન્યા.અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, સા.ન્યા.અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સર્વે શાખાઓ
- સિલેકટ ફાઇલ-૨૦૨૨